એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

| | |
|---|---|
| તારીખ અને વાર | : મંગળવાર, ૨૨ ઓક્ટોબર ૨૦૧૯ |
| સમય | : સાંજે ૪-૦૦ કલાકે |
| સ્થળ | : શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સમિતિ ખંડ, આશ્રમરોડ અમદાવાદ |


## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,
પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨
ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪
ઈ-મેઈલ : gcci@gujaratchamber.org
વેબસાઈટ : www.gujaratchamber.org

**૧૭ ઓક્ટોબર, ૨૦૧૯**

**પ્રતિ,**

**કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,**

**ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા મંગળવાર તા. ૨૨-૧૦-૨૦૧૯ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ વી. બુચના અધ્યક્ષસ્થાને શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ, ગુજરાત ચેમ્બર, આશ્રમરોડ, અમદાવાદ-૯ ખાતે નીચેના કામકાજ માટે મળશે.**

## : એજન્ડા :

| I | આઇટેમ | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | પાના નં. |
|---|---|---|---|
| | ૧. | તા. ૩૦-૯-૨૦૧૯ના રોજ મળેલી કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા. | ૧ થી ૮ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો. | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો- (૧૫ સપ્ટેમ્બર થી ૧૦ ઓક્ટોબર, ૨૦૧૯ દરમ્યાન) | ૯ |
| | | ૨.૨ ૧૫ સપ્ટેમ્બર થી ૧૦ ઓક્ટોબર, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો. | ૯ થી ૧૦ |
| | | ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ | ૧૦ થી ૧૧ |
| | | ૨.૪ અન્ય માહિતી. | ૧૧ થી ૧૨ |
| | ૩. | કમિટી અને સલાહકારી સમિતિના અહેવાલો. | |
| | | ૩.૧ કમિટીઓની મીટીંગના અહેવાલો. | ૧૨ |
| | | ૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી. | ૧૩ |
| III | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૪. | સ્કુટિની સમિતિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. | |
| | ૫. | તા. ૩૦-૯-૨૦૧૯ના રોજ મળેલ EGM ની મિટિંગમાં ચેમ્બરના બંધારણમાં સુધારાઓ મંજુર કરવામાં આવ્યા છે તેના અમલીકરણ બાબતે ચર્ચા. | |
| | ૬. | તા. ૩૦-૯-૨૦૧૯ના રોજ મળેલ EGM ની મિટિંગમાં મંજુર થયેલ બંધારણના સુધારા ૭(બી) પ્રમાણે હવે સ્કુટિની કમિટિમાં એક સભ્ય ઘટી જવાથી તે ખાલી પડેલ જગ્યામાં નવી નિમણૂક કરવા બાબત. | |
| | ૭. | ગુજરાત રાજ્યની વેપાર, વાણીજ્ય અને સેવાકીય ક્ષેત્રની નવી નીતિ અંગેના સૂચનો વિષે ચર્ચા કરવા. | |
| | ૮. | હોંગકોંગ ખાતે કરવામાં આવનાર RCEP એગ્રીમેન્ટને કારણે ઉદ્યોગો અને ખાસ કરીને MSME ઉદ્યોગો ઉપર પડનાર સંભવિત અસરો અને સ્થાનિક ઉદ્યોગોને જરૂરી રક્ષણ આપવા અંગેના સૂચનો વિષે ચર્ચા કરવા. | |
| | ૯. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૧૦. | રાષ્ટ્રગીત | |

**આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.**

**આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.**

**આભાર સહ,**

**આપનો વિશ્વાસુ,**

**તન્મય મહેતા**

***સેક્રેટરી જનરલ***

# કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

મિટિંગ નં. : ૪/૨૦૧૯-૨૦
તારીખ : ૩૦-૯-૨૦૧૯
સ્થળ : શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ
પ્રમુખ : શ્રી દુર્ગેશ બુચ

એનેક્ષર - એ મુજબ આ મિટિંગમાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

એજન્ડા :

**આઇટેમ નં. ૧**

➢ સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તા. ૨૦-૮-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

આથી તા. ૨૦-૮-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૨**

૨.૧ થી ૨.૩ તા. ૧૫ ઓગષ્ટ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમો તેના અહેવાલો (એક્ઝીક્યુટીવ સમરી) અને ગુજરાત ચેમ્બર તરફથી કરવામાં આવેલ રજૂઆતો તથા ચેમ્બર તરફથી ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન અને અખબારી નિવેદનોની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની સમિતિને જાણ કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ તેની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૩**

૩.૧ ગુજરાત ચેમ્બરની વર્કીંગ કમિટીઓની તા. ૧૫ ઓગષ્ટ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મીટીંગોની ચર્ચા કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

૩.૨ પ્રમુખશ્રીએ તા. ૧૫ ઓગષ્ટ થી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ માસ દરમ્યાન મળેલ સલાહકારી સમિતિની મીટીંગોની અને આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ ચેમ્બરના પ્રતિનિધિઓ દ્વારા આમાં થયેલ કાર્યવાહીની વિગતોની જાણ કરી હતી.

- સમિતિના સભ્યોએ નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૪**

➢ તા. ૨૬-૯-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં થયેલ કાર્યવાહીની વિગતો આપતાં માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજરે જણાવ્યું હતું કે આ મિટિંગમાં નવા સભ્યો અંગે કુલ-૧૭ અરજીઓ આવી હતી જે તમામ ૧૭ અરજીઓને મંજુર કરવામાં આવી હતી જેને કારોબારી સમિતિની મંજુરી માટે મુકવા ભલામણ કરવામાં આવી હતી, જ્યારે સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના નામમાં કે કેટેગરીમાં ફેરફાર અંગે કુલ-૩ અરજીઓ મળી હતી જેમાંથી તમામ ૩ અરજીઓને મંજુર કરવામાં આવી હતી.

* સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સ્ક્રુટિની સમિતિએ આપેલ અહેવાલની નોંધ લઇ સર્વાનુમતે મંજુર કરી ઠરાવ કર્યો હતો.

**<u>ઠરાવ નં. ૨</u>**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૬-૯-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં મંજુર કરી ભલામણ કરવામાં આવેલ નવા સભ્યોની કુલ-૧૭ અરજીઓ મળી હતી જે એનેક્ષર-બી મુજબ તમામ અરજીઓને મંજુર કરવામાં આવે છે, જ્યારે ચેમ્બરના સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિના નામમાં કે કોઇ પણ કેટેગરીમાં ફેરફારની કુલ-૩ અરજીઓ મળી હતી જે તમામ ૩ અરજીઓને એનેક્ષર-સી મુજબ મંજુર કરવામાં આવી છે.

**<u>આઇટેમ નં. ૫, ૬, ૭, અને ૮ અને</u>**

**<u>પ્રમુખ સ્થાનેથી</u>**

* પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોને તેમને ધ્યાનમાં હોય તેવા વેપાર-ઉદ્યોગના પ્રશ્નો તૈયાર કરવા જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આવા પ્રશ્નોની નોંધ બનાવી રજૂઆત કરી નિરાકરણ લાવવાનો પ્રયત્ન કરીશું.
* શ્રી પ્રફુલ્લભાઇ તલસાણીયાએ અમદાવાદના સ્થાનિક પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. તેમણે ટ્રાફીકના પ્રશ્નો, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને લગતા પ્રશ્નો જેવા કે રોડ, પાણી અને ટેક્ષના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી તથા તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સાથે એક મિટિંગ કરી આવા પ્રશ્નોનું નિરાકરણ લાવવા સૂચન કર્યું હતું.
* શ્રી કિરીટભાઇ શાહે મહાજન સંકલનની મિટિંગમાં જે પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી તેની નોંધ તૈયાર કરીને પત્રો મોકલી આપવામાં આવ્યા છે તેમ જણાવ્યું હતું. તેમણે આ મિટિંગમાં પ્રમુખશ્રીએ ખાસ હાજર રહી માર્ગદર્શન આપ્યું હતું તે માટે તેમનો આભાર માન્યો હતો.
* આ ઉપરાંત તેમણે પ્લાસ્ટીકની થેલીના ઉપયોગ ઉપર પ્રતિબંધ, હાથ મોજા, એપેરેલ કે ટોપી પહેરવાનો જે નિયમ લાગુ કરવામાં આવ્યો છે તે અને ૨૫ ડીગ્રીથી વધુ વપરાયેલા તેલના ઉપયોગ ઉપર પ્રતિબંધ આવ્યા છે તેના ઓપ્શન આપવામાં આવ્યા નથી તે અંગે રજૂઆત કરી હતી. તેમણે સરકાર કાયદો બનાવે તેની સાથે ઓપ્શન આપે અને ચેમ્બરને પણ વિશ્વાસમાં લે તે અંગે રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
* આ ઉપરાંત તેમણે મસ્કતી કાપડ મહાજનની જે ઘટના બની તેની નિંદા કરતાં જણાવ્યું હતું કે સરકારે આવી બાબતોમાં વેપારીઓને પ્રોટેક્શન આપે તેની રજૂઆત કરવી જોઇએ.
* શ્રી કિરીટભાઇએ ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ચેમ્બરને એક નોડલ ઓફીસરની નિમણૂક કરવા અંગે ભારપૂર્વક રજૂઆત કરવી જોઇએ. વધુમાં તેમણે સબસીડીના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.
* શ્રી કૌશિક પટેલે SMART કમિટિની મિટિંગ મળી હતી તેની વિગતો આપતા જણાવ્યું હતું કે આ મિટિંગમાં ઘણાં બધા રીટેઇલ એસોસીયેશનો ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા અને આ મિટિંગમાં ખાસ પ્રમુખશ્રી પણ હાજર રહ્યા હતા. સભ્યો દ્વારા આગામી તહેવારમાં ટ્રાફીકના પ્રશ્નો અંગે ટ્રાફીક કમિશ્નરને રજૂઆત કરવા સૂચન કર્યું હતું. વધુમાં શ્રી કૌશિકભાઇએ જણાવ્યું હતું કે સી.જી. રોડને Ideal Road તરીકે વિકસાવી રહ્યા છે તેમાં ઘણાં બધા પ્રશ્નો ઉપસ્થિત થયા છે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને રજૂઆત કરવી જોઇએ તેમ સૂચન કર્યું હતું. વધુમાં તેમણે સરદાર પટેલ સ્ટેડીયમને પાર્કીંગ માટે ફાળવવો જોઇએ તેની રજૂઆત કરવા પણ જણાવ્યું હતું.

- શ્રી યોગેશભાઇ પટેલે એન્વાયર્મેન્ટને લગતા પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી અને લાગતા-વળગતાં વિભાગોમાં રજૂઆત કરવામાં આવી છે તેમ જણાવ્યું હતું.
- શ્રીમતી ફણીબેને બિઝનેસ વિમેન વિંગ દ્વારા યોજવામાં આવેલ કોર્પોરેટ ગીફ્ટ ફેરની માહિતી આપતાં જણાવ્યું હતું કે તેમાં ૨૩ સ્ટોલ રાખવામાં આવ્યા હતા અને ૫૦૦ જેટલા ક્વોલીટી વીઝીટરે મુલાકાત લીધી હતી. આ કોર્પોરેટ ગીફ્ટ ફેરમાં કારોબારી સમિતિના સભ્યોએ પણ ખાસ મુલાકાત લીધી હતી તેમાં શ્રી પ્રવિણભાઇ કોટક, શ્રી મદનલાલ જયસવાલ, શ્રી અંબરભાઇ પટેલ, શ્રી નટુભાઇ પટેલ અને શ્રી સંજીવ છાજરે તેમને આપેલ સાથ અને સહકાર માટે આભાર માન્યો હતો. પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ કોર્પોરેટ ગીફ્ટ ફેર માં સારી કોર્પોરેટ ગીફ્ટ આઇટમો હતી. તેમણે આ તમામની વિગતો અથવા ફોટો કે કેટલોગ દરેક મેમ્બરને ઇ-મેઇલ કરવો જોઇએ જેથી આગામી તહેવારોમાં ખરીદી કરી શકે તેમ જણાવ્યું હતું.
- શ્રી સુનિલ વડોદરીયાએ તેમના વિસ્તારના રીજનલ ચેમ્બરના પ્રશ્નો અંગે સરકારમાં જે રજૂઆત કરવામાં આવી હોય તેની નકલ આપવા જણાવ્યું હતું જેથી તેમને જાણ રહે. પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બર દ્વારા રીજનલ ચેમ્બરનો એક ખાસ લેટરહેડ તૈયાર કરવામાં આવ્યો છે તો દરેક રીજનલ ચેમ્બરોએ તેમના પ્રશ્નોની રજૂઆત માટે તેનો ઉપયોગ કરવો જોઇએ.
- શ્રી સુનિલ વડોદરીયાએ એર પોલ્યુશનને લીધે ઘણી બધી ઇન્ડસ્ટ્રી બંધ કરવામાં આવી છે તે અંગે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડને રજૂઆત કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે વરસાદના લીધે બધાં જ હાઇ-વે ખરાબ થઇ ગયા છે તેને તાત્કાલિક રીપેર કરવા માટે રજૂઆત કરવા જણાવ્યું હતું.
- શ્રી સચિનભાઇએ જી.આઇ.ડી.સી.ના પ્રશ્નો માટે મિટિંગ મળી હતી અને તે અંગે રજૂઆત કરવામાં આવી છે તેમ જણાવ્યું હતું. તેમણે સરકાર દ્વારા જી.આઇ.ડી.સી.માં પ્લોટ સેલ કરવા માટે મુક્યા છે તેની વિગતો પણ સમિતિના સભ્યોને આપી હતી.
- શ્રી આશીષ ગુરુએ ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા "FREON-Refrigerant gas" ઉપર પ્રતિબંધ અંગે જે ફરજ કરવામાં આવે છે તેની સામે એમેનિયા વાપરવા માટે મંજુરી આપે તેવી રજૂઆત કરવી જોઇએ તેવું જણાવ્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ અંગે વિગતવાર રજૂઆત તૈયાર કરી સરકારમાં રજુ કરીશું.
- શ્રી યોગેશ શ્રીધરે સરકારી અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ દ્વારા જે હેરાનગતિ કરવામાં આવે છે તે અંગે રજૂઆત કરી હતી. વધુમાં તેમણે પ્રિન્ટ મીડીયા સાથે મિટિંગ કરી વેપાર-ઉધોગના પ્રશ્નોને તેમના માધ્યમથી વાચા આપે તેવું કરવા સૂચન કર્યું હતું.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે "વન નેશન વન કોડ" આવવાની તૈયારીમાં છે. તેમણે ટેક્ષને લગતા પ્રશ્નોની ચેમ્બરને મોકલવા જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સરકાર દ્વારા ઇન્ડસ્ટ્રી કમિશ્નરશ્રીની નિમણૂક કરવામાં આવી છે તેવી રીતે ટ્રેડ અને કોમર્સ માટે પણ કમિશ્નરશ્રીને નિમણૂક કરવી જોઇએ તેવી ગુજરાત ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી છે અને ઇન્ડસ્ટ્રીને પોલીસીની સામે ટ્રેડ પોલીસી પણ બનાવવી જોઇએ તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી. હવે જ્યારે ટ્રેડ પોલીસી સરકાર બનાવવા જઇ રહી છે ત્યારે આ અંગે જે પણ સૂચન હોય તે મોકલી આપવા સભ્યોને વિનંતી કરી હતી. વધુમાં તેમણે ઇન્ડસ્ટ્રી માટે ઉધોગ આધાર એક આઇ.ડી.

કોડ છે તેવી રીતે ટ્રેડ અને કોમર્સ માટે પણ યુનિક આઇ.ડી. રાખવો જોઇએ તેવી પણ રજૂઆત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

- શ્રીમતી મીનાબેન કાવીચાએ RCEP ના કારણે ટેક્ષટાઇલ ઉદ્યોગામાં આવનારી મુશ્કેલીઓ વિષેના તમામ ડેટા મંગાવવા સૂચન કર્યું હતું અને આ બાબતની વિગતો અંગે રજૂઆત કરી હતી.
- આના પ્રત્યુત્તરમાં શ્રી નટુભાઇએ જણાવ્યું હતું કે CII, FICCI, ASSOCHAM ને સાથે લઇને આ બાબતે રજૂઆત કરીશું.
- શ્રી અનુજભાઇએ વડોદરા ખાતે વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સાથે જે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વડોદરા અને મધ્યા ગુજરાતના વેપાર-ઉદ્યોગના પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી તેવું ફોલોઅપ કરવા સૂચન કર્યું હતું.
- વધુમાં તેમણે મકરપુરા જી.આઇ.ડી.સી.ના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી અને તેનું તાત્કાલિક નિરાકરણ આવે તેના પ્રયત્નો કરવા સૂચન કર્યું હતું. આના પ્રત્યુત્તરમાં શ્રી સચિનભાઇએ જણાવ્યું હતું કે તા. ૧૨ અથવા ૧૫મી એ જે મિટિંગ થશે તેમાં આ પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે.
- શ્રી પથિકભાઇએ હાલોલ વિસ્તારના જે પ્રશ્નો ચેમ્બરમાં મોકલી આપવામાં આવ્યા હતા તેની રજૂઆતકરી હતી અને સરકાર દ્વારા જે ફીડબેક આપવામાં આવ્યું છે તેની નકલ મોકલી આપવામાં આવી છે, તેની નકલ વડોદરા ચેમ્બરને મોકલી આપીશું તેમ જણાવ્યું હતું.
- શ્રી હિમાંશુભાઇએ સરકાર દ્વારા પોલીસીનું ઘડતર કરવામાં આવે તેમાં ગુજરાત ચેમ્બરના પ્રતિનિધિને રાખવા જોઇએ અને તે બાબતની રજૂઆત કરવી જોઇએ તેવું સૂચન કર્યું હતું.
- શ્રી હિમાંશુભાઇએ મીડલીસ્ટમાં ચેમ્બરની ઓફીસ કરવી જોઇએ અથવા તો ત્યાંની વ્યક્તિને ચેમ્બરમાં બોલાવી માહિતી મેળવવી જોઇએ તેવું સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા નવી ઔદ્યોગિક પોલીસીનું ઘડતર કરવામાં આવનાર છે તે બાબતે ૧૦ અલગ-અલગ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે જેમાં ગુજરાત ચેમ્બરને પણ પ્રતિનિધિત્તવ આપ્યું છે અને ચેમ્બર દ્વારા નામો પણ મોકલી આપવામાં આવ્યા છે. આ ઉપરાંત જે ટાસ્ક ફોર્સમાં ગુજરાત ચેમ્બરનું પ્રતિનિધિત્તવ નથી તેમાં પણ નામ મોકલી આપવામાં આવ્યું છે.
- શ્રી હિમાંશુભાઇએ સરકાર દ્વારા કોઇ પણ પોલીસી બનાવવામાં આવે તે પહેલાં વિવિધ વિસ્તારોના સેમિનાર કે ઓપન હાઉસ કરી માહિતી આપવી જોઇએ અને તે પ્રકારની રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી ભાવેશભાઇ લાખાણીએ પ્લાસ્ટીક થેલીના વપરાશના પ્રતિબંધને લીધે ૩૦૦ યુનિટો બંધ થયેલ છે અને આશરે ૪૦,૦૦૦ જેટલાં લોકો બેકાર થયા છે તે અંગે રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- વધુમાં તેમણે ચેક રીટર્નનો પ્રશ્ન છે તે માટે ભારત સરકારના માનનીય વડાપ્રધાનશ્રીને રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી ગોપીનાથે અમીને MSME કાઉન્સીલમાં હાલ કોઇની નિમણૂક નથી તે અંગે રજૂઆત કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે સરકાર દ્વારા જે જમીન ફાળવવામાં આવી છે અને તેના ઉપર

સીમેન્ટની ફેક્ટરીઓ શરુ કરવામાં આવી હતી તે અંગે ઉભા થયેલ પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.

- શ્રી ભાવેશ લાખાણીએ નવા જી.આઇ.ડી.સી. મંજુર કરવામાં આવેલ છે તેનો ઉપયોગ કરવા સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં શ્રી નટુભાઇએ જણાવ્યું હતું કે નવા જી.આઇ.ડી.સી.ની ફાળવણીમાં જમીનના ભાવો સૌથી મોટો પ્રશ્ન છે અને તે અંગે ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી છે.
- શ્રી સૌરીનભાઇએ ટેક્ષટાઇલ ઉદ્યોગમાં ઇલેક્ટ્રીસીટીનો જે ભાવ વધારે છે તેના લીધે ટેક્ષટાઇલ ઉદ્યોગને ઘણું મોટું નુકશાન થઇ રહ્યું છે અને આ માટે ગુજરાત સરકારમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને લાગતા-વળગતાં વિભાગોને રજૂઆત કરવા સૂચન કર્યું હતું.
- શ્રી ચેતનભાઇએ ગુજરાત ચેમ્બર દ્વારા ટેક્ષ ઓડીટની તારીખ લંબાવવા અંગે જે રજૂઆત કરી હતી તેમાં સફળતા મળી છે તે માટે શ્રી જૈનિક વકીલને અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારબાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જીત થઇ હતી.

**તન્મય મહેતા**
***સેક્રેટરી જનરલ***

**દુર્ગેશ બુચ**
***પ્રમુખ***

## એનેક્ષરઃ એ

**(તા. ૩૦-૯-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગમાં હાજર રહેલા સભ્યોની યાદી)**

૧. શ્રી દુર્ગેશ બુચ
૨. શ્રી નટુભાઇ પટેલ
૩. શ્રી ભાર્ગવ ઠક્કર
૪. શ્રી સંજીવ છાજર
૫. શ્રી દિલીપ પાધ્યા
૬. શ્રી પથિક પટવારી
૭. ડો. જૈમિન વસા
૮. શ્રી યોગેશ પરીખ
૯. શ્રી હિમાંશુ વ્યાસ
૧૦. શ્રી સુરેશ ત્રિવેદી
૧૧. શ્રી સુનિલ વડોદરીયા
૧૨. શ્રી વી. પી. વૈષ્ણવં
૧૩. શ્રી કે. આઇ. પટેલ
૧૪. શ્રી આશીષ ગુરુ
૧૫. શ્રી યોગેશ ડી. શ્રીધર
૧૬. શ્રીમતી ફણી ત્રિવેદી
૧૭. શ્રી પ્રફુલ્લ તલસાણીયા
૧૮. શ્રી અનિલ સંઘવી
૧૯. શ્રી આશીષ ઝવેરી
૨૦. શ્રી કૌશિક ડી. પટેલ
૨૧. શ્રી કિરીટ એન. પટેલ
૨૨. શ્રી ચેતન ડી. શાહ
૨૩. શ્રી કમલેશ સી. પટેલ
૨૪. શ્રી જૈનિક વકીલ
૨૫. શ્રી દેવાંગ ડોક્ટર
૨૬. શ્રી ચિરંજીવ પટેલ
૨૭. શ્રી ભાવેશ લાખાણી
૨૮. શ્રી હેમંત શાહ
૨૯. શ્રી હિરેન ગાંધી
૩૦. શ્રી પ્રદીપ જૈન
૩૧. શ્રી ભાવેશ શાહ
૩૨. શ્રી કૈલાસ ગઢવી
૩૩. શ્રી બિપેન્દ્રસિંહ જાડેજા

૩૧. શ્રી સચિન કે. પટેલ
૩૨. શ્રી મીહિરભાઇ પટેલ
૩૩. શ્રી ભુપેન્દ્ર સી. પટેલ
૩૪. શ્રી અંકિત પટેલ
૩૫. શ્રી બકુલ પંડયા
૩૬. શ્રી અનુજ પટેલ
૩૭. શ્રી ગૌરાંગ ભગત
૩૮. શ્રી જીગીશ કે. શાહ
૩૯. શ્રી ત્રિલોક પરીખ
૪૦. શ્રી મદનલાલ જયસવાલ
૪૧. શ્રી પ્રવિણ કોટક
૪૨. શ્રી ગોપીનાથ અમીન
૪૩. શ્રી સોમાભાઇ રાયકા
૪૪. શ્રી કનુભાઇ પટેલ
૪૫. શ્રી અશોક પટેલ
૪૬. શ્રી અંબર પટેલ
૪૭. શ્રી ઉદીત દીવેટીયા
૪૮. શ્રી મોહનીશ ભલ્લા
૪૯. શ્રી નિલેષ દેસાઇ
૫૦. શ્રી સ્નેહલ લાવસી
૫૧. શ્રીમતી મીના કાવીયા
૫૨. શ્રી નયન શેઠ
૫૩. શ્રી આશીત શાહ
૫૪. શ્રી કિરીટ કે. શાહ
૫૫. શ્રી શૈશવ શાહ
૫૬. શ્રી સૌરીન પરીખ
૫૭. શ્રી અનિકેત તલાટી
૫૮. શ્રી જતીન ત્રિવેદી
૫૯. શ્રી પ્રદિપ વોહરા
૬૦. શ્રી અમીત પરીખ
૬૧. શ્રી પ્રતાપ ચંદન
૬૨. શ્રી હિતને વસંત
૬૩. શ્રી નવરોઝ તારાપોર
૬૪. શ્રી લાખાભાઇ કેશવાલા

## એનેક્ષર-બી

મંજૂર થયેલા સભ્યોની યાદી

| | Membership Name | Representative | Category |
|---|---|---|---|
| 1. | Shah Alloys Ltd | Rajendra Shah | Ltd-Local |
| 2. | S V Raval & Co. | Dhaval Raval | Firm-Local |
| 3. | Sapphire Chemicals | Dipak Shah | Firm-Local |
| 4. | MP Financial Services | Dhara Parikh | Firm-Local |
| 5. | GMCI Pvt Ltd | Mohit Jain | Pvt.Ltd-Local |
| 6. | Khamanwala Food Products Pvt Ltd | Kunal Thakkar | Pvt.Ltd-Local |
| 7. | Lakhani Ismaili Tundiya & Co. | Karim Lakhani | Firm-Local |
| 8. | Rhythm Infrastructure Ltd. | Navdip Dosani | Ltd-Local |
| 9. | Benmoon Pharma Research Pvt Ltd | Dinesh Kacha | Pvt.Ltd-Local |
| 10. | Shree Rang Glass | Jiten Joshi | Firm-Local |
| 11. | Ashok Dhariwal & Co | Ashok Dhariwal | Firm-Local |
| 12. | M V Oil Mill | Chirag Thakker | Firm-Regional |
| 13. | Ami Traders | Nisarg Thakker | Firm-Regional |
| 14. | Anjani Enterprise | Mayur Vithalani | Firm-Local |
| 15. | Powerlite Electricals | Kinjal Patel | Firm-Local |
| 16. | Ycube Engineered Solutions Pvt Ltd | Rajkumar Jaiswal | Pvt.Ltd-Local |
| 17. | Kulin B. Vyas & Co. | Kulin Vyas | Firm-Local |

## એનેક્ષર-સી

**મંજૂર થયેલ પ્રતિનિધિના નામમાં ફેરફારની યાદી**

| Sr. No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1. | Machine Tools Manufacturers Association | Raju Bhandari<br>Tejas Dudakiya | Yogin Chhaniara<br>Tejas Dudakiya |

**મંજૂર થયેલા પ્રતિનિધિની કંપનીના સરનામામાં ફેરફારની યાદી.**

| Sr. No. | Name of Member | Old Address | New Address |
|---|---|---|---|
| 1. | Shilp Gravures Ltd | 101, Kashiparekh Complex, C G Road, Navrangpura,Ahmedabad | 715-716-717, Maple Trade Center,Nr.Surdhara circle, Thaltej,Ahmedabad |
| 2. | Rajesh Walia | 201-C, Super mall, Nr. Lal Bunglow, C G Road, Ahmedabad | B-301, Silver Avenue, Maple County-1, Thaltej,Ahmedabad |

**આઇટેમ નં. ૨**

**૨.૧ અગત્યના પ્રસંગો (૧૫ સપ્ટેમ્બર થી ૧૦ ઓક્ટોબર, ૨૦૧૯ દરમ્યાન) :**

| | | | |
|---|---|---|---|
| બુધવાર<br>શુક્રવાર<br>બુધવાર | તા. ૧૮-૯-૨૦૧૯<br>તા. ૨૦-૯-૨૦૧૯<br>તા. ૨૫-૯-૨૦૧૯ | બપોરે<br>૨-૦૦<br>થી<br>૪-૦૦ | બિઝનેસ વિમેન વિંગના ઉપક્રમે યોજવામાં આવેલ "Business English Pitara" અંગ્રેજી ટ્રેનિંગ અંગે કાર્યક્રમ. |
| રવિવાર | તા. ૧૫-૯-૨૦૧૯ | સવારે<br>૯-૦૦ કલાકે | GCCI અને રોટરી કલબના સંયુક્ત ઉપક્રમે "CSR Seminar-Connect to Create with Rotary" નું કરવામાં આવેલ આયોજન. |
| શુક્રવાર | તા. ૧૮-૯-૨૦૧૯ | સાંજે<br>૪-૦૦ કલાકે | બિઝનેસ વિમેન વિંગના ઉપક્રમે યોજવામાં આવેલ કોર્પોરેટ ગીફ્ટ ફેર અનુસંધાને કરવામાં આવેલ પ્રેસ કોન્ફરન્સ. |
| શુક્રવાર<br>અને<br>શનિવાર | તા. ૨૦-૯-૨૦૧૯<br>અને<br>તા. ૨૧-૯-૨૦૧૯ | સવારે ૯-૦૦<br>કલાી | બિઝનેસ વિમેન વિંગના ઉપક્રમે યોજવામાં આવેલ "કોર્પોરેટ ગીફ્ટ ફેર" |
| શનિવાર | તા. ૨૧-૯-૨૦૧૯ | સવારે<br>૧૦-૦૦ કલાકે | GCCI અને IPR કમિટિના ઉપક્રમે "Artificial Intelligence Law & Regulation" વિષયે સેમિનાર. |
| મંગળવાર | તા. ૧૭-૯-૨૦૧૯ | સાંજે<br>૫-૦૦ કલાકે | GCCI ના ઉપક્રમે યોજવામાં આવેલ "Roundtable discussion on GCCI Aspire Empowering Start-Ups" કાર્યક્રમ. |
| મંગળવાર | તા. ૨૪-૯-૨૦૧૯ | બપોરે<br>૧-૦૦ કલાકે | ગુજરાત ચેમ્બરના ઉપક્રમે સ્પોર્ટસ કલબ ખાતે પ્રેસ-મીટ નું કરવામાં આવેલ આયોજન. |
| શનિવાર | તા. ૨૮-૯-૨૦૧૯ | --- | GCCI ના ઉપક્રમે "One Nation, One Election " by Election Commission of India નો યોજવામાં આવેલ કાર્યક્રમ. |
| ગુરુવાર | તા. ૨૬-૯-૨૦૧૯ | સવારે<br>૧૧-૦૦ કલાકે | Uzbekistan ડેલીગેશન ગુજરાત ચેમ્બરની મુલાકાતે. |
| શનિવાર | તા. ૨૧-૯-૨૦૧૯ | સાંજે<br>૬-૦૦ કલાકે | ગુજરાત ચેમ્બરના ઉપક્રમે કેન્દ્રના માનનીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાનું જમ્મુ-કાશ્મીરમાં કલમ-૩૭૦ ની નાબૂદી અંગે કરેલ સંબોધન. |
| મંગળવાર | ૧-૧૦-૨૦૧૯ | સાંજે<br>૫-૦૦ કલાકે | ગુજરાત ચેમ્બર તથા અમદાવાદ બ્રાન્ચ ઓફ WIRC of ICAI, CAA- અમદાવાદ ચેપ્ટર, TAAG, GSTBA અને AGFTC ના સંયુક્ત ઉપક્રમે રાજ્યના ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષ શ્રી જે. પી. ગુપ્તાનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો તથા રાજ્ય સરકાર દ્વારા એમનેસ્ટી સ્કીમ જે જાહેર કરવામાં આવેલી છે તેના વિષે યોજવામાં આવેલ પરિસંવાદ. |

**૨.૨ ચેમ્બરની રજૂઆતો**

- તા. ૨૩-૮-૨૦૧૯ના NGT ના ઓર્ડરના અનુસંધાને રાજ્યોના પોલ્યુશન કંટ્રોલ બોર્ડને જરૂરી સૂચનો આપવા અને વર્ષ ૨૦૧૯-૨૦ માટે CEPI ની ગણતરી કરવા અંગે માર્ગદર્શિકા નક્કી કરવા ભારતના માનનીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરને પાઠવેલ રજૂઆત.(તા. ૧૬-૯-૨૦૧૯)
- મીનીસ્ટ્રી ઓફ એન્વાયર્મેન્ટ ફોરેસ્ટ એન્ડ કલાયમેટ ચેન્જને સદ્ધર તથા કાયદાકીય પ્રવૃત્તિને ચાલુ રખાવવા ભલામણ કરવા બાબતે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને કરેલ રજૂઆત. (તા. ૧૬-૯-૨૦૧૯)
- મસ્કતી કાપડ માર્કેટ મહાજનની રજૂઆતના અનુસંધાને કાપડ વ્યવસાયમાં પ્રતિષ્ઠિત વેપારી શ્રી નરેશ શર્મા ઉપર જીવલેણ હુમલા અંગે ત્વરિત પગલાં લેવા માટે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી

વિજયભાઇ રૂપાણી તેમજ માનનીય ગૃહ અને ન્યાય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાને પાઠવેલ રજૂઆત. (તા. ૧૭-૯-૨૦૧૯)

- પ્લાસ્ટીક કેરીબેગ બનાવનાર એકમોને સિંગલ યુઝ પ્લાસ્ટીકના આકસ્મીક પ્રતિબંધને કારણે પડતી મુશ્કેલીઓ અંગે ભારતના માનનીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરને પાઠવેલ રજૂઆત. (તા. ૧૭-૯-૨૦૧૯)
- મોટર વ્હીકલ એક્ટ અંતર્ગત ટ્રાફીકના નવા નિયમોમાં ફેરફાર કરવા અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ રજૂઆત. (તા. ૧૯-૯-૨૦૧૯)
- ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા પ્લાસ્ટીક અને પર્યાવરણ અંગેની રજૂઆતોના નિરાકરણ માટે ગુજરાત રાજ્યના માનનીય મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલને પાઠવેલ રજૂઆત. (૨૦-૯-૨૦૧૯)
- તા. ૨૩-૮-૨૦૧૯ના NGT ના ઓર્ડરના અનુસંધાને રાજ્યોના પોલ્યુશન કંટ્રોલ બોર્ડને જરૂરી સૂચનો આપવા અંગે ભારતના માનનીય કેમીકલ અને ફર્ટીલાઇઝર વિભાગના માનનીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયાને પાઠવેલ રજૂઆત.(તા. ૨૧-૯-૨૦૧૯)
- વર્કસ કોન્ટ્રાક્ટ અને કન્સ્ટ્રકશન સેવાઓને MSME ૨૦૦૬ અંતર્ગતના લાભો મળવાપાત્ર ગણવા અંગે ભારતના કેમીકલ અને ફર્ટીલાઇઝર વિભાગના માનનીય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાને પાઠવેલ રજૂઆત. (તા. ૨૧-૯-૨૦૧૯)
- જમ્મુ અને કાશ્મીર ખાતે GCCIની ચેપ્ટર ઓફીસ શરૂ કરવા માટે યોગ્ય જગ્યાની ફાળવણી કરવા અંગે ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને પાઠવેલ પત્ર. (તા. ૨૫-૯-૨૦૧૯)
- ગુજરાત રાજ્યમાં થયેલ અતિવૃષ્ટિને કારણે વેપાર-ઉદ્યોગને થયેલ નુકશાનને ધ્યાનમાં રાખી ક્લેઇમ સેટલમેન્ટ ની પ્રક્રિયાને કાર્યક્ષમ અને ઝડપી બનાવવા અંગેના IRDA દ્વારા જણાવેલ પગલાંઓ લેવા માટે ગુજરાતની પ્રતિષ્ઠિત ઇન્સ્યોરન્સ કંપનીઓના નોડલ ઓફીસરોને પાઠવેલ પત્ર. (તા. ૨૭-૯-૨૦૧૯)
- NGT ના CEPI અંગેના ચુકાદાઓ પછી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ તેમજ પર્યાવરણ અંગેની પોલીસી માટેના અન્ય સૂચનોની ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને કરેલ રજૂઆત. (તા.૧-૧૦-૨૦૧૯)
- ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ એમનેસ્ટી સ્કીમ-૨૦૧૯ અંગે ગુજરાતના માનનીય ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષ શ્રી જે. પી. ગુપ્તા (IAS)ને પાઠવેલ રજૂઆત. (૧-૧૦-૨૦૧૯)
- અગરબત્તી માટેના કાચા માલની આયાત પર લગાવવામાં આવેલ પ્રતિબંધો અંગે ફેરવિચારણા કરવા ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ વિભાગના માનનીય મંત્રી શ્રી પિયુષ ગોહેલને પાઠવેલ રજૂઆત (૧-૧૦-૨૦૧૯)
- ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ (Labelling & Display) રેગ્યુલેશન-૨૦૧૮ ના ડ્રાફ્ટ અંગે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (FSSAI) ના ચેરપર્સન મીસ રીટા ટેઓટીયાને પાઠવેલ રજૂઆત. (૧-૧૦-૨૦૧૯)
- સિંગલ યુઝ પ્લાસ્ટીકના વપરાશ ઉપર પ્રતિબંધ અંગે સિંગલ યુઝ પ્લાસ્ટીકની વ્યાખ્યા વિગેરે અંગેની સ્પષ્ટતા આપતી માર્ગદર્શિકા બહાર પાડવા અને નિયમોને સ્પષ્ટ કરતું જાહેરનામુ બહાર પાડવા અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પાઠવેલ રજૂઆત (તા. ૩-૧૦-૨૦૧૯)

## ૨.૩ અન્ય માહિતી

### એક્શન ટેકન રીપોર્ટ

- ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને ગુજરાત સોલાર પાવર પોલીસી-૨૦૧૫ માં સુધારા સૂચવવામાં આવેલા હતા જેવા કે ઓપન એક્સેસ કસ્ટમરનો ક્વોલીફાઇંગ ક્રાઇટેરીયા ૧૨૦૦ કેવીએ હતો જેને ૫૦૦ કરવા માટે રજૂઆત પાઠવવામાં આવી હતી. આમ કરવાથી રાજ્યમાં આવેલ MSME એકમોને પોતાનો ઇલેક્ટ્રીસીટી કોસ્ટ રીડયુસ કરવામાં મદદ થઇ શકે તેવું સુચન કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાનમાં ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા MSME માં આવતા એકમોને ઓપન એક્સેસ કસ્ટમરનો ક્વોલીફાઇંગ ક્રાયટેરીયા રીડયુસ કરવાની જાહેરાત કરવામાં આવી છે.
- વધુમાં ગુજરાત સોલાર પાવર પોલીસી-૨૦૧૫માં પહેલા સેન્કશન લોડના ૫૦% સુધી સોલાર કનેક્ટીવીટીની પરમીશન મળતી હતી. આના અનુસંધાને આ ૫૦%ની લોડ વાળી લીમીટ ખસેડી એકમોના એક્ચ્યુલ કન્ઝમ્પશન પ્રમાણે સોલાર કનેક્ટીવીટીની કેપેસીટી આપવામાં આવે તેવી ગુજરાત

ચેમ્બર તરફથી રજૂઆત કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાત ચેમ્બરની ઉપરોક્ત રજૂઆતને માન્ય રાખી MSME ની વ્યાખ્યામાં આવતી કંપનીઓ કેપ્ટીવ સોલાર પ્લાન્ટ માટે સેન્કશન લીમીટ ૫૦% થી વધારી ૧૦૦% કરતાં પણ વધુ કરવામાં આવેલ છે. આ કેપેસીટી એકમના ઉપયોગ આધારે નક્કી કરવામાં આવશે સેન્કશન લોડના આધારે નહીં. આ ઉપરાંત હાલનો પાવર કોસ્ટ આશરે રૂા.૭.૫૦ છે તે ઘટાડો કરી એકમને યુનિટ દીઠ આશરે રૂા.૨.૫૦ થી ૨.૭૫ નો ફાયદો થઇ શકે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

- ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્ર સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમનને પ્રિ-બજેટ મેમોરેન્ડમ તેમજ પ્રમુખશ્રીની રૂબરૂ મુલાકાતમાં અન્ય સૂચનો આપવામાં આવેલ હતું. જેમાં કોર્પોરેટ ટેક્ષ ૨૫% સુધી લાવવાની રજૂઆત કરવામાં આવી હતી. તા. ૫-૭-૨૦૧૭ના રોજ બજેટમાં ૪૦૦ કરોડ સુધીના એકમોને આ લાગુ કરવામાં આવ્યું હતું પરંતુ હાલમાં જ નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન દ્વારા તા.૨૦-૯-૨૦૧૯ ના રોજ જાહેર કરવામાં આવેલ સ્ટીમ્યુલસ પેકેજમાં ગુજરાત ચેમ્બર દ્વારા કરવામાં આવેલ રજૂઆતને ધ્યાનમાં રાખી તમામ કોર્પોરેટ કંપનીઓને વર્ષ-૨૦૧૯-૨૦ એસેસમેન્ટ ઇયર માટેનો  કોર્પોરેટ ટેક્ષ ૨૫% (બધાં સેસ મળીને) કરવામાં આવેલ છે. તથા મીનીમમ ઓલ્ટરનેટ ટેક્ષ (મેટ) જે ૧૮% હતો તેને ઘટાડવાની રજૂઆત ગુજરાત ચેમ્બર દ્વારા કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમન દ્વારા સ્ટીમ્યુલસ પેકેજ ને ધ્યાનમાં રાખીને ૧૫% કરવામાં આવેલ છે.
- ગુજરાત ચેમ્બર દ્વારા માનનીય કેન્દ્રીય નાણામંત્રીશ્રીને પ્રિ-બજેટ મેમોરેન્ડમમાં હોટલ તથા કેટરીંગ ઉદ્યોગમાં લાગતા જીએસટી ટેક્ષ રેટને સુસંગ કરવા રજૂઆત કરવામાં આવી હતી. તેના અનુસંધાનમાં જીએસટી કાઉન્સીલ દ્વારા તા. ૨૦-૯-૨૦૧૯ના રોજ હોટલ તથા કેટરીંગ વ્યવસાયમાં ચેમ્બર દ્વારા સૂચવેલ જીએસટી દરોમાં સુધારો મુખ્ય બાબતોમાં માન્ય રાખ્યો હતો.
- ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા માનનીય કેન્દ્રીય નાણામંત્રીશ્રીને ટેક્ષ ઓડીટ ડેટ અંગેની તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધીની હતી જેને લંબાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી. જેને સરકારશ્રીએ માન્ય રાખી ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ સુધી લંબાવી આપવામાં આવેલ છે.
- કેન્દ્ર સરકાર દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટીકમાં સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવનાર હતો તેના અનુસંધાને કેન્દ્ર સરકાર તેમજ ગુજરાત સરકારમાં ઉત્પાદકોને વધુ સમય ફાળવવા રજૂઆત કરવામાં આવી હતી જેને માન્ય રાખી માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા તા. ૨ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ ૨૦૨૨ સુધીમાં સંપૂર્ણપણે બંધ કરવાની જાહેરાત કરી હતી.
- ગુજરાત ચેમ્બર દ્વારા અગાઉ કેન્દ્ર સરકારને કંડલા ગાંધીધામ સંકુલના જમીનના ટ્રાન્સફર ચાર્જીસ ઘટાડો કરવાની રજૂઆત કરવામાં આવી હતી. તેના અનુસંધાનમાં માનનીય કેન્દ્રના રાજ્ય શીપીંગ મંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાએ તેમની ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકત દરમ્યાન જમીનના ટ્રાન્સફર ચાર્જીસના ઘટાડાની જાહેરાત કરેલ હતી.
- ગુજરાત ચેમ્બર દ્વારા માનનીય કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરને CEPI સ્કોર ની ગણતરી તથા NGT ના તા. ૨૩-૮-૨૦૧૯ના રોજના ઓર્ડર અંતર્ગત MoEFCC દ્વારા એક્શન પ્લાન અંગે કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જેના અનુસંધાનમાં CPCB દ્વારા ઉપરોક્ત વિષયે વિસ્તારમાં ચર્ચા કરવા ગુજરાત ચેમ્બરના હોદ્દેદારો તથા અસરકરતા CPA તથા SPA જાહેર થયેલા ઔદ્યોગિક વસાહતોના હોદ્દેદારોને દિલ્હી ખાતે આમંત્રિત કરવામાં આવેલ હતા.

**<u>૨.૪ અન્ય માહિતી</u>**

**<u>સર્ટીફીકેટ ઓફ ઓરીજીન :</u>**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એપ્રિલ-૧૮ | મે-૧૮ | જુન-૧૮ | જુલાઇ-૧૮ | ઓગષ્ટ-૧૮ | સપ્ટેમ્બર-૧૮ | ઓક્ટોબર-૧૮ |
| ૩૯૪૨ | ૩૯૮૧ | ૩૮૬૩ | ૩૫૫૨ | ૩૮૩૫ | ૩૨૬૬ | ૩૬૧૮ |
| એપ્રિલ-૧૯ | મે-૧૯ | જુન-૧૯ | જુલાઇ-૧૯ | ઓગષ્ટ-૧૯ | સપ્ટેમ્બર-૧૯ | ઓક્ટોબર-૧૯ |
| ૩૬૫૪ | ૩૮૦૭ | ૩૩૪૭ | ૩૭૯૬ | ૨૦૧૯ | ૩૩૫૮ | |
| નવેમ્બર-૧૮ | ડિસેમ્બર-૧૮ | જાન્યુઆરી-૧૯ | ફેબ્રુઆરી-૧૯ | માર્ચ-૧૯ | કુલ-૨૦૧૮-૧૯ | |
| ૩૧૫૧ | ૩૩૩૫ | ૩૮૨૧ | ૩૬૯૫ | ૩૯૦૫ | ૪૩૯૬૪ | |
| નવેમ્બર-૧૯ | ડિસેમ્બર-૧૯ | જાન્યુઆરી-૨૦ | ફેબ્રુઆરી-૨૦ | માર્ચ-૨૦ | કુલ-૨૦૧૯-૨૦ | |
| | | | | | ૧૯૯૮૧ | |

**અખબારી નિવેદન :**

- "સબકા વિકાસ-૨૦૧૯" સ્કીમની માહિતી આપતો યોજવામાં આવેલ સેમિનાર અંગે. (તા. ૫-૯-૨૦૧૯)
- "GCCI-Rotary CSR Conclave, Connect to Create" ના આયોજન અંગે. (તા. ૧૬-૯-૨૦૧૯)
- "Artificial Intelligence, The Future & The Law" વિષયે યોજવામાં આવેલ સેમિનાર અંગે. (તા. ૨૧-૯-૨૦૧૯)
- બિઝનેસ વિમેન વિંગના ઉપક્રમે યોજવામાં આવેલ "કોર્પોરેટ ગીફ્ટ" અંગે. (તા. ૧૮-૯-૨૦૧૯)
- એમનેસ્ટી સ્કીમ ઉપર શ્રી જે. પી. ગુપ્તા, IAS ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્ષીસ, ગુજરાતના સંબોધન અંગે તા. ૩-૧૦-૨૦૧૯.

**આઇટેમ નં. ૩ (કમિટિ અને સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)**

**૩.૧ (કમિટીઓની મીટીંગની માહિતી)**

નં. ૧ GCCI ની મહાજન સંકલન ટાસ્ક ફોર્સ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૧૭-૯-૨૦૧૯)

નં. ૨ ગુજરાત ચેમ્બરની ફુડ એન્ડ ડેરી કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૧૮-૯-૨૦૧૯)

નં. ૩ ગુજરાત ચેમ્બરની Legal અને ADRC કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૦-૯-૨૦૧૯)

નં. ૪ GCCIની બિઝનેસ વિમેન વિંગની વર્કીંગ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૪-૯-૨૦૧૯)

નં. ૫ GCCIની બિઝનેસ વિમેન વિંગના તમામ સભ્યોની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૨૪-૯-૨૦૧૯)

નં. ૬ GCCIની SMART કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૬-૯-૨૦૧૯)

નં. ૭ GCCIની સ્ક્રુટિની કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૬-૯-૨૦૧૯)

નં. ૮ GCCIની ફુડ અને ડેરી કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૨૭-૯-૨૦૧૯)

નં. ૯ GCCIની RERA કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૩૯-૯-૨૦૧૯)

નં. ૧૦ GCCIની ડાયરેક્ટ ટેક્ષ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૩૦-૯-૨૦૧૯)

નં. ૧૧ GCCIની NAMO ટાસ્ક ફોર્સની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૩૦-૯-૨૦૧૯)

નં. ૧૨ GCCIની જી.આઇ.ડી.સી. ટાસ્ક ફોર્સ કમિટિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની કમિટિને જાણ કરવા. (તા. ૩૦-૯-૨૦૧૯)

**૩.૨ (સલાહકારી કમિટિની મિટિંગની માહિતી)**

નં. ૧ National Board of Workers Education & Development ની રીજનલ એડવાઇઝરી કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી હેમંત શાહની ઉપસ્થિતિ. (તા. ૧૪-૯-૨૦૧૯)

નં. ૨ ગુજરાત ઝોન-કસ્ટમ્સ વિભાગની Watchdog કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી કૌશિક પટેલની ઉપસ્થિતિ. (તા. ૩૧-૮-૨૦૧૯)

નં. ૩ Development of Trade, Commerce & Service ની ટાસ્ક ફોર્સ કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરના માનદ્-મંત્રી શ્રી સંજીવ છાજરની ઉપસ્થિતિ.

નં. ૪ GERC ની સ્ટેટ એડવાઇઝરી કમિટિની મળેલ મિટિંગમાં ચેમ્બરની એનર્જી કમિટિના ચેરમેન શ્રી ધિરેન્દ્ર દોશીની ઉપસ્થિતિ (તા. ૧૭-૯-૨૦૧૯)

નં. ૫ અમદાવાદ શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની મળેલ મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી કૌશિક પટેલની ઉપસ્થિતિ (તા. ૨૧-૯-૨૦૧૯)

નં. ૬ PGRCની મળેલ મિટિંગમાં ચેમ્બરના શ્રી એસ. વી. મોદીની ઉપસ્થિતિ (તા. ૨૫-૯-૨૦૧૯)

નં. ૭ નવી ઔદ્યોગિક નીતિના ઘડતર માટે મળેલ ટાસ્ક ફોર્સની મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી સચિન પટેલની ઉપસ્થિતિ. (તા. ૨૫-૯-૨૦૧૯)

નં. ૮ નવી ઔદ્યોગિક નીતિના ઘડતર અંતર્ગત Thrust Industrial Sector ટાસ્ક ફોર્સની મળેલ મિટિંગમાં ચેમ્બરના સિનિ. ઉપ-પ્રમુખ શ્રી નટુભાઇ પટેલની ઉપસ્થિતિ. (તા. ૧-૧૦-૨૦૧૯)

નં. ૯ CED ની બોર્ડ મેમ્બરની મળેલ મિટિંગમાં ચેમ્બરની કારોબારી સમિતિના સભ્ય શ્રી હેમંત શાહની ઉપસ્થિતિ (તા. ૪-૧૦-૨૦૧૯)